NCS Code: 2653.0300, CCode: A07

# નર્તકો/નૃત્યકાર

નર્તકો એ એક એવા કલાકારો છે જે નૃત્યકલાને વ્યાવસાયિક રીતે અપનાવે છે. તેઓ નૃત્યના માધ્યમ દ્વારા કથાઓ અને વિચારો અભિવ્યક્ત કરે છે.  અભિવ્યક્તિને પ્રદર્શિત કરવા માટે તેઓ હલનચલન, હાવભાવ અને શારીરિક ભાષાનો ઉપયોગ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે સર્જનાત્મક વ્યક્તિ છો
- તમને નૃત્ય/ડાન્સ કરવાનું ગમે છે
- તમે સ્વતંત્ર રીતે કામ કરી શકો છો

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૦૦૦ થી ૫૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઇ પર્ફોર્મિંગ આર્ટ્સ/નૃત્ય અથવા કોઈપણ સંબંધિત વિષયમાં સ્નાતક પૂર્ણ કરો. **અથવા**

સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતક પૂર્ણ કરો અને ત્યારબાદ, ડાન્સ અને પરફોર્મેટિવ આર્ટ્સમાં સ્નાતકોત્તર ડિપ્લોમા કરો. **અથવા**

નૃત્ય/નૃત્ય શિક્ષણ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા પૂર્ણ કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અનુભવના આધારે એક ડાન્સરની માસિક આવક લગભગ **રૂ. ૧૫,૦૦૦ થી ૪૦,૦૦૦** જેટલી અથવા તેથી વધુ હોય શકે છે.*

સ્રોત: bit.ly/3KGbVRw

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ડાન્સ કોલેજ અથવા અન્ય સંસ્થાઓ.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે એક ફ્રીલાન્સ નર્તક/ડાન્સર બનવાનું પસંદ કરી શકો છો અથવા વ્યક્તિગત રીતે તાલીમ આપી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક નથી. તમારે વખતો વખત મુસાફરી કરવી પડી શકે છે. અંશકાલિન (પાર્ટ-ટાઈમ) તેમજ કરાર આધારિત રોજગાર ઉપલબ્ધ હોઈ શકે છે. કામના કલાકો લવચીક હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

ડાન્સર → કોરિયોગ્રાફર/નૃત્ય શિક્ષક/ કલાકાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડાન્સર, કોરિયોગ્રાફર, પર્ફોર્મિંગ આર્ટિસ્ટ

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**પર્ફોર્મિંગ આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, (એમ.એસ.યુ.) વડોદરા
૨. પોંડિચેરી યુનિવર્સિટી
૩. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.), વારાણસી
૪. જીવીપી, અમદાવાદ
૫. એચએનજીયુ, પાટણ
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. કવિકુલગુરુ કાલિદાસ સંસ્કૃત યુનિવર્સિટી, નાગપુર
૮. પ્રો. રાજેન્દ્ર સિંહ યુનિવર્સિટી, પ્રયાગરાજ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. અરુણાચલ યુનિવર્સિટી ઓફ સ્ટડીઝ, લોહિત
૨. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (એલ.પી.યુ.), જલંધર
૩. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૪. એમ.આઈ.ટી. એ.ડી.ટી. યુનિવર્સિટી, પુણે
૫. એમ.આઈ.ટી.-ડબલ્યુ.પી.યુ., પુણે
૬. સેન્ટ ઝેવયર્સ કૉલેજ, અમદાવાદ
૭. આર.આઈ.એમ.ટી. યુનિવર્સિટી, દિલ્હી
૮. સંજીવ અગ્રવાલ ગ્લોબલ યુનિવર્સિટી (એસ.એ.જી.યુ.), ભોપાલ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in



## સાફલ્ય ગાથા

**રુક્મિણી દેવી** અરુંદલે સૌથી પ્રસિદ્ધ ભરતનાટ્યમ નૃત્યાંગનાઓ પૈકીના એક છે. તે એક કોરિયોગ્રાફર અને થિયોસોફિસ્ટ હતા જેમણે ભરતનાટ્યમને તત્કાલીન બ્રિટિશ અને ભારતીય ઉચ્ચ વર્ગ તેમજ જ્ઞાતિઓ માટે સ્વીકાર્ય કલા બનાવી. તેણીએ માયલાપુર ગૌરીઅમ્મલ અને મીનાક્ષીસુંદરમ પિલ્લઈ જેવા લોકો પાસેથી ભરતનાટ્યમ શીખ્યા. ૧૯૫૬માં તેણીને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા હતા અને તે ઉપલા ગૃહમાં એટલે કે રાજ્યસભામાં નામાંકિત થનારી પ્રથમ ભારતીય મહિલા હતા.*

સ્ત્રોત: https://www.culturalindia.net/indian-dance/dancers/rukmini-devi.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.